**સૌરાષ્ટ્ર આસપાસ**

## વિકાસ સાથે સંવેદનશીલતાની જરૂર

બિહાર વિધાનસભાની તાજેતરની ચૂંટણીએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે ભારતીય મતદાતા હવે વિકાસ અને સાથે જોડાયેલા રાજકારણને જ વધુ પસંદ કરે છે. એનડીએની પ્રચંડ જીત એ માત્ર ની એક રાજ્યની જીત નથી, એ નરેન્દ્ર મોદીના નેતૃત્વ પરના અતૂટ વિશ્વાસનું પરિણામ છે. નીતીશકુમાર જેવા અનુભવી નેતા પણ આ વખતે પોતાની જગ્યા બચાવવા માટે પણ ભાજપની છત્રછાયામાં જ શ્વાસ લઈ શક્યા છે. આ જીતએ એ સ્પષ્ટ કરી દીધું છે કે લોકોને હવે જાતિવાદી સમીકરણો કે ખાલી વાયદાઓ નહીં, પરંતુ રસ્તા, વીજળી, પાણી અને સુરક્ષા જેવા મૂળભૂત વિકાસની ખાતરી જોઈએ છે. આજે દેશનું રાજકારણ એક જ મજબૂત કેન્દ્ર તરફ વળી રહ્યું છે, અને એ કેન્દ્રનું નામ છે નરેન્દ્ર મોદી. કારણકે વિપક્ષની નિષ્ફળતા અને તેનું ભયાનક આ પરિણામ છે.વિપક્ષ આજે પોતાની સૌથી મોટી હાર પોતાની જ અંદરના અસ્તવ્યસ્તતા માંથી મેળવી રહ્યો છે. ઈન્ડિયા ગઠબંધન નામનું જે મહાગઠબંધન બનાવવામાં આવ્યું હતું તે કાગળ પર તો દેખાતું હતું, પરંતુ હાલમાં તો તેમાં એકતા ક્યાંય દેખાતી નહોતી. રાહુલ ગાંધીની આગેવાનીમાં કોંગ્રેસ હજુ પણ જૂની વિચારધારાના ભાર તળે દબાઈ રહી છે, અને તેની વચ્ચે પ્રાદેશિક પક્ષના નેતાઓ પોતાના અલગ અલગ સ્વાર્થમાં ખોવાયેલા છે. બિહારમાં તેજસ્વી યાદવની મોટો ચહેરો બની શક્યા નહીં, કારણ કે લોકો જાણે છે કે જંગલરાજની યાદો હજુ ઝાંખી થઈ નથી. વિપક્ષ જ્યારે સુધી પોતાની વચ્ચેના અહંકાર છોડીને એક જ મજબૂત વિચારધારા અને એક જ મોટું નેતૃત્વ નહીં ઊભું કરે ત્યાં સુધી તે ફક્ત હારના આંકડા જ ગણતો રહેશે. આ સ્થિતિ લોકશાહી માટે ખતરનાક છે, કારણ કે મજબૂત વિપક્ષ વગર સત્તા હંમેશાં અહંકારી બનવાનું જોખમ રહેલું છે.

આજે ભારત વિશ્વની સૌથી ઝડપી વિકાસ કરતી અર્થવ્યવસ્થા છે, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ક્રાંતિ ચાલી રહી છે, વિદેશ નીતિમાં આપણું વર્ચસ્વ વધી રહ્યું છે, પરંતુ તેની સાથે જ સમાજમાં ધ્રુવીકરણ પણ વધી રહ્યું છે. મણિપુર હજુ બળી રહ્યું છે, ધાર્મિક તણાવના સમાચાર આવતા રહે છે, અને યુવાનોમાં બેરોજગારીનો આક્રોશ દબાયેલો છે. સત્તાધારી પક્ષે આને સમજવાની જરૂર છે કે માત્ર હિન્દુત્વના નામે લાંબા ગાળે ચૂંટણી જીતાડી શકે છે, પરંતુ દેશને એક રાખવા માટે સૌને સાથે લઈને ચાલવું પડશે. આગામી દિવસોમાં જો સરકાર અર્થતંત્રની ગતિ જાળવી રાખીને સામાજિક સમરસતા પર પણ એટલું જ ધ્યાન આપશે તો જ આ વર્ચસ્વ ટકાઉ બનશે. નહીંતર ઈતિહાસ સાક્ષી છે કે કોઈ પણ વ્યક્તિ કે પક્ષનું વર્ચસ્વ અનંતકાળ સુધી નથી રહેતું. ભારતીય લોકશાહીને આજે મજબૂત સરકારની સાથે મજબૂત વિપક્ષની પણ સખત જરૂર છે – અને એ જવાબદારી હવે વિપક્ષની વધુ છે.

# બોરતળાવ પાસે બની રહેલી સુંદર ફ્લાવર વેલી...



**ક્લિક કોર્નર**

- જતીન ડી. ઘેલાણી,

**ભાવનગરમાં હાલમાં અનેક સ્થળો પર બ્યુટીફીકેશનની પ્રક્રિયા ચાલી રહી છે. અને તેનાં કારણે અનેક ફરવા લાયક સ્થળોની સુંદરતામાં વધારો થતો જોવાં મળે છે. અને શહેરની પ્રજાને એક પર્યટન સ્થળ મળી રહે છે. બસ આવું જ એક સ્થળ બની રહ્યું છે. જેને આપણે ફ્લાવર વેલી તરીકે પણ ઓળખી શકીએ. બોરતળાવનાં પાછળના ભાગમાં ઢોળાવ ધરાવતી જગ્યાએ સારો ઉપીયોગ કરીને ત્યાં એક અદભુત ફ્લાવર વેલી એટલે કે મસ્ત મજાના અનેક ફૂલોનાં રોપ વાવવામાં આવ્યા છે અને આવતા વર્ષોમાં આ સ્થળ ખરેખર નીખરી ઉઠશે તેમાં બેમત નથી. અને હા, સાથે આ જગ્યાએથી પાણી ભરેલા તળાવનો નજારો માણવો પણ સહજ રીતે થઈ જશે.પુષ્પનાં નાના મોટા અનેક રોપ વાવીને ભાવનગરની પ્રજાને આવતા વર્ષોમાં સુંદર અને નયન રમ્ય ફ્લાવર વેલી મળી રહેશે. તંત્રને ખરેખર ધન્યવાદ આપવા પડે કે આ જગ્યાનો સારો ઉપીયોગ કર્યો.**

# જરૂર હતી ત્યારે નહોતા,હવે તેમની જરૂર નથી

થોડા દિવસ પહેલાં એક ગેટ ટુ ગેધરમાં જવાનું થયું હતું. વીસ-પચ્ચીસ વર્ષ જૂના મિત્રોનું એક ગેટ ટુ ગેધર હતું. બધા લોકો પરિવાર સાથે પ્રી દિવાળી પાર્ટી કરવા ભેગા થયા હતા. અંદાજે બસ્સોથી વધારે લોકો હતા. આ પાર્ટી દરમિયાન લોકો એકબીજા સાથે સંબંધો કેવા હતા, કેવી મજા કરતા હતા, કેવો આનંદ કરતા હતા, કેવા તોફાન કરતા હતા અને એકબીજાને કેવા કામ લાગતા હતા તેની વાતો કરતા હતા. બધાની વચ્ચે નિ:સ્વાર્થ સંબંધ હતા. બધા એકબીજાનું ધ્યાન રાખતા હતા, મદદ કરતા, રેફરન્સ આપતા હતા. હજી તેમનું જોડાણ અકબંધ હતું. તેમાંથી ઘણા લોકો તો એવા હતા જે મિત્રના પહેલા દિવસથી અત્યાર સુધી એકબીજા સાથે જોડાયેલા હતા અને એકબીજા સાથે પારિવારિક સંબંધ હતા. જીવનના તમામ તડકા-છાંયડા સાથે જોયા હતા. એકબીજાની પડખે ઊભા રહીને મદદ કરી હતી. એક રૂપિયાની ચોકલેટ ખવડાવવાથી માંડીને હોટેલમાં ગર્લફ્રેન્ડને જમવા માટે લઈ જવાની મદદ કરવા સુધીની દરેક વાતો વાગોળાઈ હતી. આવા લોકોના સંબંધ લાંબા ટકે છે તેનું એક જ કારણ છે કે તેમાં માત્ર ઉપયોગ કરવાનો સ્વાર્થ નથી. તેમાં ભુલ થાય તો સામેની વ્યક્તિની અને સારું થાય તો મારું કરેલું જેવી કોઈ વાત જ નથી. બસ અખૂટ અને અસ્ખલિત સ્નેહ અને સ્વાર્થ વગરનો સંબંધ છે. હવે બીજી એક વાત કરું જેનો અનુભવ તો ચોક્કસ થયો હશે.તમે ક્યારેય અનુભવ કર્યો છે કે, તમારી સાથે પાંચ-સાત વર્ષથી વાત ન કરી હોય એવા લોકો અઠવાડિયામાં બે-ત્રણ વાર ફોન કરવા માંડે, અથવા તો વોટ્સએપ ઉપર મેસેજ મોકલવા માંડે, તમારી સોશિયલ મીડિયા પોસ્ટ ઉપર લાઈક અને કોમેન્ટ કરવા લાગે. આ સિવાય એવા પણ લોકો છે જે તમને ફોન કરે, ખબર અંતર પૂછે, પરિવારની ખબર પુછે અને પછી ધીમે રહીને સ્વાર્થની સરવાણી વહાવીને કહે કે, યાર એક કામ છે. દોસ્ત એક નાનકડી મદદ જોઈએ છે. પેલા સાહેબ સાથે તારે કેવો સંબંધ છે, મારું નાનકડું કામ છે, તું પ્લીઝ વાત કરજે ને. હમણાં ફલાણા સાહેબ સાથે તારો ફોટો જોયો હતો. ફેસબુક ઉપર તારો ફોટો હતો, તારે તેમની સાથે કેવા રિલેશન છે. મારી એક ફાઈલ તેમના ડિપાર્ટમેન્ટમાં અટકી છે પ્લીઝ થોડી હેલ્પ કરી દેને. હમણાં તું પેલી યુનિવસટીમાં લેક્ચર આપવા ગયો હતો. તારી ત્યાં કેવી ઓળખાણ છે. મારી દીકરી એ યુનિવસટીમાં એડમિશન લેવાનું વિચારે છે, કદાચ તારી જરૂર પડશે તો તું થોડી હેલ્પ કરજે ને. સમાજમાં, આસપાસમાં, કુટુંબમાં અને કદાચ એમ કહીએ કે એક્સ્ટેન્ડેડ ફેમિલીમાં પણ આવી પ્રજાતીમાં સતત વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને હાલમાં યુવાવસ્થામાં સફળ થયેલા કે પછી થઈ રહેલા લોકોને આવી પ્રજાતીના પરોપજીવીઓનો વધારે સામનો કરવાનો આવી રહ્યો છે. આ લોકોની લાગણી જ એવી હોય છે કે, જે વ્યક્તિ હાથમાં આવે તેનો લાભ લઈ લઈએ, તેનું કરી નાખીએ અને તેનો યુઝ કરીને પછી ડિસ્પોઝેબલ આઈટમની જેમ તેને ક્યાંક ફેંકી દઈએ. આ વાત મારી અને તમારી છે. જે લોકો હાલમાં સફળ છે, અથવા સફળ થઈ રહ્યા છે અને એકાએક તેમના મિત્રો, સ્વજનો, હિતેચ્છુઓ વગેરેમાં વધારો થવા લાગ્યો છે તેમણે આ સમજવા જેવી બાબત છે. તમે જ્યારે પ્રયાસ કરતા હતા, તમે જ્યારે શૂન્ય હતા, તમે જ્યારે પીડામાં હતા, તમે જ્યારે આધાર અને મદદ શોધતા હતા ત્યારે આ લોકો તમારી પાસે નહોતા. તમારી લાગણીઓ જ્યારે અકાળે મરવા પડી હતી ત્યારે આ કહેવાતા સ્વજનો તેને વધારે ટુંપો દેવા માટે પ્રયાસ કરતા હતા. તમે બે ભાઈઓ ઝઘડીને છૂટા પડી જાઓ અને બંને દુ:ખી થઈ જાઓ તેમાં તેમને વધારે રસ હતો. એક દીકરો પોતાના પરિવારને છોડીને બીજા શહેરમાં જતો રહે કે કોઈની દીકરીનું લગ્નજીવન ભાંગી જાય તેમાં આ લોકોને વધારે રસ હોય છે. તેની સામે જ્યારે તમે સફળ થવા લાગો, તમારી પીડામાંથી બહાર આવવા લાગો, તમારે ચોક્કસ આઈડેન્ટિટિ ઊભી થવા લાગે, સમાજમાં તમારું નામ ચર્ચામાં આવે એટલે પરિસ્થિતિ બદલાવા લાગે છે. તમારી સફળતાના ગોળ ઉપર આ ગંધથી ભરેલી માખીઓ બણબણવા લાગે છે. અચાનક તેમને તમારી સાથેનું સગપણ યાદ આવી જાય છે, અચાનક તેમને મિત્રતા ફૂટે છે. તમારા ભૂતકાળમાં કે બાળપણમાં તમે બંને કેવા સાથે હતા, તમારો પરિવાર અને તેમનો પરિવાર કેવી રીતે રહેતા હતા તેવી કથાવાર્તાઓ તેમના મુખે આવી જાય છે. આ લોકોને ખરેખર તો તમારી જરૂર હોય છે, તમારી સફળતાનો લાભ લેવો હોય છે અને તમે જે મેળવીને બેઠા છો તેનો ક્યાંકને ક્યાંક જશ ખાટવો છે અથવા તો તેના થકી પોતાને કંઈક આગળ વધવું છે.એકાએક સંબંધો તાજા કરવા પાછળનું કારણ તમારા પ્રત્યેની લાગણી નહી પણ તમારો પાવર, તમારી પોઝિશન, તમારી પોપ્યુલારિટી, તમારી પ્રોપર્ટી અને તમારા પૈસાના કારણે તેઓ પાછા આવે છે. તમારી પડતીમાં, તમારા

**વિશેષ**

સંઘર્ષમાં મોઢું ફેરવી લેનારા, સમય નહીં હોવાની વાતો કરનારા કે મારી કોઈ પરિસ્થિતિ નથી તેવી પોકળ વાતો કરનારાને તમારી સફળતા આકષત કરવા લાગે છે. આ સમયે સ્કૂલ કે કોલેજમાં એડમિશન કરાવવા માટે, જમીન કે પ્રોપર્ટી લેવા માટે, સરકારી કામ કરાવી આપવા માટે, વાહન ખરીદવા કે વેચવા માટે, પેન્શન ઓફિસનું કે સરકારી ઓફિસનું કામ કઢાવી આપવા માટે, મંત્રી કે નેતા અથવા અભિનેતા સાથે તસવીરો લેવા માટે તમારી આગળ પાછળ ફરવા લાગશે.

# વ્યસનનો વધતો વ્યાપ સૌથી મોટી સમસ્યા

## યુરોપ અમેરિકા દ્વારા એક ત્યજાયેલી જીવનશૈલીનું આક્રમણ અત્યારે આપણા દેશ પર થઈ રહ્યું છે. દારૂ પાન બીડી તમાકુ ઉપરાંત ડ્રગ્સનું સેવન વધતું જાય છે. અમુક કફ સીરપ પણ હવે આ કક્ષામાં આવે છે.



આજે જ્યારે ભારત આર્થિક ઉદારીકરણ અને વૈશ્વિકરણના પંથે પ્રગતિ કરી રહ્યું છે, ત્યારે એક એવી જીવનશૈલીનું આક્રમણ પણ થઈ રહ્યું છે જેને પશ્ચિમી દેશોએ તેના ભયંકર પરિણામોને કારણે ત્યજી દીધી છે –અને તે છે તમાકુ અને દારૂનો બેફામ વપરાશ. પ્રોફેસર રેડ્ડીના મંતવ્ય મુજબ, આ એક ત્યજાયેલી પશ્ચિમી જીવનશૈલી છે જેને આપણે અપનાવી રહ્યા છીએ. યુરોપના ૧૨ જેટલા દેશોએ તમાકુની જાહેરાતો પર પ્રતિબંધ મૂકીને જે દિશા પકડી છે, તે સ્પષ્ટ દર્શાવે છે કે વિકસિત વિશ્વ તેના વિનાશક વ્યાપથી વાકેફ છે. આ એક એવી લત છે જે માત્ર વ્યક્તિના સ્વાસ્થ્યને જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને રાષ્ટ્રના કામઢા હાથ-પગને ભાંગી નાખે છે. વ્યસન મુક્તિ માટેના ડીએડિક્શન સેન્ટરોમાં વધી રહેલી ભીડ એ સંકેત છે કે સમાજે હવે જાગૃત થઈને આ દાનવને પડકારવાનો સમય આવી ગયો છે, નહી તો આપણે માત્ર આંકડાઓનો વધારો જોતા રહીશું.

પશ્ચિમી નકલ અને સ્વાસ્થ્ય પર સંકટ

વ્યસનના કારણે દેશના સ્વાસ્થ્ય ક્ષેત્ર પર મોટો બોજ વધી રહ્યો છે. દિલ્હીની ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટના ડૉકટરો દ્વારા નોંધાયેલો ઉત્તર ભારતમાં લિવર સિરોસિસના કેસોમાં એક દાયકામાં ૬૦ ટકાનો વધારો ચિંતાજનક છે. આ વધારો સીધો દારૂના વપરાશ સાથે જોડાયેલો છે. કર્ણાટક જેવા રાજ્યમાં દારૂ-બિયરના વપરાશમાં એક જ વર્ષમાં સરેરાશ ત્રીસ ટકાનો વધારો થવો એ માત્ર એક આંકડો નથી, પરંતુ તે દર્શાવે છે કે આ દૂષણ હવે શહેરોની મર્યાદા વટાવીને વ્યાપક બની રહ્યું છે. બેંગલોરની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેંટલ હેલ્થ એન્ડ ન્યુરોસર્જરિ (NIMHANS)માં દારૂના વ્યસનીઓ માટેના ડીએડિક્શન સેન્ટરમાં વર્ષે ૪૦૦૦થી વધારે શરાબીઓ ચિકિત્સા માટે આવતા હોય છે, જે આ સંકટની ઊંડાઈ દર્શાવે છે. આ આંકડાઓ માત્ર મેટ્રો શહેરો પૂરતા સીમિત નથી, પરંતુ દરેક નાનામોટા શહેરોમાં 'આલ્કોહોલિક્સ'ની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

સામાજિક અને આર્થિક વિનાશ

વ્યસન માત્ર શરીરને નહીં, પરંતુ સામાજિક માળખાને પણ છિન્નભિન્ન કરી નાખે છે. શરાબ અને તમાકુમાં પૈસાનો વ્યય કરનારા અનેકો પોતાના ઘરમાં સ્ત્રી-બાળકોને મારઝૂડ કરે છે. બાળકોના શિક્ષણ અને પોષણ માટેના આવશ્યક પૈસા સિગારેટ કે દારૂ પાછળ ખર્ચાઈ જાય છે, જેનાથી ભવિષ્યની પેઢીનું નિર્માણ જોખમાય છે. આ ઉપરાંત, વ્યસનગ્રસ્ત વ્યક્તિઓ બેકાબૂ વાહન ચલાવીને નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકે છે અને મોટરગાડી દ્વારા કોઈક કુલદીપકના પ્રાણ હરી લેવા જેવા કરુણ કિસ્સાઓ પણ સર્જાય છે. હેરોઈન જેવાં ડ્રગ્ઝનો વિરોધ થાય છે તે આવકાર્ય છે, પરંતુ શરાબ અને તમાકુની વિરુદ્ધ એક વધુ વ્યાપક અને અસરકારક ચળવળ ચલાવવી જરૂરી છે, કારણ કે આ વ્યસનો કામઢા માણસોના હાથ-પગ ભાંગીને તેમને ઉત્પાદકતામાંથી દૂર કરી દે છે.

અનાજ ખાવું કે દારૂ પીવો?

વ્યસનનું આર્થિક પાસું એક ગંભીર રાષ્ટ્રીય પ્રશ્ન ઊભો કરે છે: ''અનાજ ખાવું કે પીવું છે?" આજના ઉદારીકરણના વાતાવરણમાં બ્રુઅરીઝનો વધારો દેશની ખાદ્ય સુરક્ષા માટે પડકારરૂપ બની શકે છે. અમેરિકામાં માથા દીઠ વાર્ષિક ૫૪૫ કિલો અનાજ પેદા કરાય છે, જેમાંથી મોટો હિસ્સો (૩૨૦ કિલો) ઢોરને ખવડાવવા વપરાય છે. તેની સરખામણીમાં, આપણા દેશમાં માથા દીઠ માત્ર ૧૮૦ કિલો અનાજ ઉપલબ્ધ છે, જે અત્યાર સુધી સીધું માણસના વપરાશમાં આવતું હતું. જો દારૂની બ્રુઅરીઝ આમ જ વધતી જશે, તો આ દારૂનો દૈત્ય આપણા મર્યાદિત અનાજનો મોટો જથ્થો સ્વાહા કરી જશે. આનાથી સીધી અસર ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની પોષક સુરક્ષા પર થશે, જ્યાં દરેક દાણો ગણતરીમાં આવે છે. તેથી, આ વ્યસનો સામેનો સંઘર્ષ હવે સ્વાસ્થ્ય અને કાયદાનો નહીં, પણ અસ્તિત્વ અને અનાજની ઉપલબ્ધતાનો પણ બની ગયો છે.

આ પડકારોનો સામનો કરવા માટે માત્ર સામાજિક જાગૃતિ જ નહી, પરંતુ વૈજ્ઞાનિક અભિગમ પણ જરૂરી છે. વર્તમાનમાં, વ્યસનમુક્તિના ક્ષેત્રમાં વૈજ્ઞાનિક સંશોધન ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમાં મગજના ન્યુરોસાયન્સ (Neuroscience) પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેથી જાણી શકાય કે વ્યસન મગજના રીવૉર્ડ સર્કિટને કેવી રીતે હાઈજેક કરે છે. આ સમજણથી "ડીએડિક્શન" માટેની નવી અને વધુ અસરકારક દવાઓ (Pharmacotherapy) વિકસાવવામાં આવી રહી છે. આ ઉપરાંત, વર્તણૂકીય ઉપચાર પદ્ધતિઓ (Cognitive Behaviroal Therapy - CBT) અને માઈન્ડફુલનેસ આધારિત હસ્તક્ષેપો (Mindfulness-based interventions) દ્વારા દર્દીઓને વ્યસન છોડવા અને ફરીથી લત ન લાગે તે માટે મજબૂત બનાવવામાં આવી રહ્યા છે. જિનેટિક્સ (Genetics) પરના સંશોધનો પણ એવા લોકોને ઓળખવામાં મદદ કરી રહ્યા છે જેઓ વ્યસનના વધુ જોખમમાં છે, જેથી નિવારક પગલાં વહેલા લઈ શકાય. આ આધુનિક વૈજ્ઞાનિક પ્રયાસો ભવિષ્યમાં વ્યસનમુક્તિની ચિકિત્સાને વધુ વ્યક્તિગત અને સફળ બનાવશે.